# ગાંધીનગરની બેઠક કેન્દ્રમાં ગૃહમંત્રી આપી શકશે? VVIP બેઠકનો કરિશ્મા

ગાંધીનગર

ભાજપે ગુજરાતની ગાંધીનગરની વીવીઆઈપી બેઠક પર પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને ઉમેદવારી કરાવીને એક કાંકરે ત્રણ પક્ષી માર્યા છે. પાર્ટીએ ૨૬ બેઠકો જીતવા અમિત શાહને મેદાનમાં ઉતાર્યા છે. અડવાણીને કાપીને સેકન્ડ કેડર માટે રસ્તો સાફ કર્યો છે અને કેન્દ્રમાં ગુજરાતમાંથી ગૃહમંત્રી આપવાનો પાર્ટીનો ઈરાદો છે.




ગાંધીનગરની લોકસભા બેઠક પરથી ભાજપના ટોચના નેતાઓ અને ફિલ્મસ્ટાર ચૂંટણી લડ્યા છે. હવે આ બેઠક અમિત શાહના ફાળે આવી છે. ૧૯૬૭માં લોકસભાની બેઠક મળ્યા પછી ગાંધીનગરમાં પહેલી ચૂંટણીમાં કોંગ્રેસના સોમચંદ સોલંકી ચૂંટાઈ આવ્યા હતા. આ બેઠક ૧૯૮૯ સુધી કોંગ્રેસનો ગઢ માનવામાં આવતી હતી પરંતુ ૧૯૮૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપના તત્કાલિન નેતા શંકરસિંહ વાઘેલા ચૂંટણી જીત્યા હતા. ત્યારબાદ આ બેઠક પર કોંગ્રેસનો કોઈ ઉમેદવાર જીત્યો નથી.

ભાજપ માટે આ બેઠક વીવીઆઈપી માનવામાં આવે છે કારણ કે આ બેઠક પરથી તત્કાલિન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી ચૂંટણી લડ્યા હતા અને જીત્યા હતા. અડવાણી આ બેઠક પરથી છ વખત ચૂંટણી જીત્યા છે અને સાંસદ બન્યા છે. તેઓ જ્યારે વાજપેયીની સરકારમાં નાયબ વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રી હતા ત્યારે પણ તેઓ ગાંધીનગરના સાંસદ હતા.

૧૯૯૬માં અટલ બિહારી વાજપેયી ગાંધીનગર અને લખનૌથી ચૂંટણી લડ્યા હતા પરંતુ તેમણે ગાંધીનગર બેઠક ખાલી કરી દેતાં આ બેઠક પરની પેટા ચૂંટણીમાં ભાજપને વિજય પટેલને ટીકીટ આપી હતી. એ સમયે કોંગ્રેસે ફિલ્મસ્ટાર રાજેશ ખન્નાને ટીકીટ આપી હતી પરંતુ તેઓ ભાજપના સ્થાનિક નેતા સામે ચૂંટણી હારી ગયા હતા.

ભાજપના એક સિનિયર નેતાએ કહ્યું હતું કે કેન્દ્રમાં જો એનડીએ સરકાર આવશે અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનશે તો અમિત શાહ તેમની કેબિનેટમાં ગૃહમંત્રીનું પદ મેળવશે, એટલે કે હાલના કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહનું પદ ખતરામાં પડી શકે છે. અમારી પાર્ટીએ આ ગણિત સમજી વિચારીને અમિત શાહને મેદાનમાં ઉતાર્યા છે. જો તેમ થશે તો ગાંધીનગરની બેઠક બીજીવાર કેન્દ્રમાં ગૃહમંત્રી પદ આપશે.

આ બેઠકમાં ગાંધીનગર ઉત્તર, કલોલ, સાણંદ, ઘાટલોડિયા, વેજલપુર, નવરંગપુરા અને સાબરમતી વિધાનસભા બેઠકો આવે છે. ગાંધીનગર બેઠકના મતદારોની સંખ્યા ૧૭ લાખ છે. ભાજપની પ્રથમ યાદીમાં અમિત શાહનું નામ ગાંધીનગર બેઠક પરથી પસંદ થયું છે. લાલકૃષ્ણ અડવાણી આ બેઠક પર પ્રથમ વખત ૧૯૯૧માં જીત્યા હતા. ત્યારપછી તેઓ અહીંથી તેમણે ૧૯૯૮, ૧૯૯૯, ૨૦૦૪, ૨૦૦૯ અને ૨૦૧૪માં વિજય મેળવ્યો હતો. પાર્ટીનો દાવો છે કે અમિત શાહ ગાંધીનગરના ઉમેદવાર હોવાથી ભાજપને ગુજરાતની ૨૬ બેઠકો મળશે. આ અગાઉ નરેન્દ્ર મોદી વડાપ્રધાનના ઉમેદવાર હોવાથી ૨૦૧૪માં ભાજપને ૨૬ બેઠકો મળી હતી.

# અમિત શાહની ઉમેદવારીથી શહેરમાં ધમધમાટ

**ભાજપના કાર્યકરોએ અમિત શાહની જાહેરાતને ફટાકડા ફોડી અને મીઠાઈઓ વહેંચી વધાવી : કોંગ્રેસના ડો. સી.જે. ચાવડાનો મક્કમ લડતનો નિર્ધાર**





ગાંધીનગર, તા. ૨૨

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ ગાંધીનગરથી ચૂંટણી લડશે એવી સત્તાવાર જાહેરાતને પગલે ગાંધીનગર સહિત રાજ્યભરમાં ભાજપના કાર્યકરોમાં આનંદનું મોજુ ફરી વળ્યું હતુ. શહેરના ઘ-૪ સર્કલ પર ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોએ ઉપસ્થિત રહી ફટાકડા ફોડ્યા હતા અને મીઠાઈઓ વહેંચી હતી. ગાંધીનગર લોકસભામાં સમાવિષ્ટ ઘાટલોડિયા, નારણપુરા, સાબરમતીમાં પણ ઢોલ-નગારાં સાથે ભાજપના કાર્યકરોએ વિજયના માહોલને ઉભો કર્યો હતો. આવતીકાલથી જ લોકસંપર્કની કામગીરી ગાંધીનગર ભાજપ આરંભશે એવી સત્તાવાર જાહેરાત મહાનગર પ્રમુખે કરી હતી.


બીજી તરફ કોંગ્રેસની સત્તાવાર જાહેરાત નથી થઈ શકી પરંતુ જેમની સો ટકા શક્યતા છે એવા કોંગ્રેસના ડૉ. સી. જે. ચાવડાએ મક્કમતાથી લડવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. રાષ્ટ્રીય પક્ષના રાષ્ટ્રીય પ્રમુખે સલામત બેઠક શોધવી પડે છે એવો ટોણો મારનાર ડૉ. ચાવડાએ કહ્યું હતું કે કોંગ્રેસ પુરી તાકાતથી લડશે અને જીતીને બતાવશે. તેમણે બુથકક્ષાની કામગીરી પૂરી હોવાનો દાવો કરતા કહ્યુ હતુ કે કલ્પના કરતાં પણ ખૂબ સારો દેખાવ કોંગ્રેસનો હશે અને આશ્ચર્યજનક પરિણામ અમે સર્જી શકીશુ. લોકસભાની ચૂંટણીનો મહાસંગ્રામ ગાંધીનગરમાં લડાશે એમાં હવે બેમત નથી. બંનેની વ્યૂહરચનાઓ અને આયોજન ખૂબ જ ઝીણવટભપૂર્વકના હોય છે બંને પોતપોતાના પક્ષમાં ચાણક્ય ગણાય છે. રાષ્ટ્રીય પ્રમુખ હોવાને નાતે અમિતભાઈનું પદ અને કદ ખૂબ જ મોટુ ગણાય એમ હોવા છતાં ડૉ. સી. જે. ચાવડાની ચૂંટણી વ્યૂહરચનાને અવગણી ન શકાય. ગાંધીનગર લોકસભા વિસ્તારમાં ચાર ભાજપના ગઢ જેવી વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે પણ એમાંથી ત્રણ બેઠકોમાં કોંગ્રેસ કાઠું કાઢી શકે છે.

## અમિત શાહ ૨૮મીએ ગુજરાતના પ્રવાસે

**ટિકિટ મળ્યા બાદ પ્રથમ વખત ગાંધીનગર આવશે : અમિત શાહના આગમન અને સ્વાગતને લઇને ખાસ તૈયારી શરૂ**

ગાંધીનગર, તા.૨૨

લોકસભાની ચુંટણીનુ બ્યુગલ ફુંકાઈ ગયુ છે. હાલ રાજ્ય સહિત સમગ્ર દેશમાં રાજનીતિ ચરણસીમાએ છે. ગુજરાતમાંથી ગાંધીનગર લોકસભાની સીટ પર અમિત શાહનું નામ જાહેર થતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. હાલ ગુજરાતમાં આગળની રાજનીતિના મહામંથન માટે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આગામી તા.૨૮મી માર્ચ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ગાંધીનગર બેઠક પર ઉમેદવાર તરીકે ઘોષિત બાદ અમિત શાહનો ગુજરાતનો આ સૌપ્રથમ પ્રવાસ છે. તો બીજીબાજુ, ગાંધીનગર બેઠક પરથી અમિત શાહ ચૂંટણી લડવાના હોઈ ભાજપના કાર્યકરો અને સ્થાનિક નેતાઓમાં તેમના આગમન અને સ્વાગતને લઈ વિશેષ તૈયારીઓ ચાલી રહી છે. ગાંધીનગર લોકસભા સીટ પર અમિત શાહને ટીકીટ આપતા કાર્યકરોમાં જોરદાર ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. આગામી તા.૨૩મી એપ્રિલના રોજ લોકસભાનુ ઈલેક્શન યોજાનાર છે ત્યારે લાલકૃષ્ણ અડવાણીના સ્થાને ભાજપ અધ્યક્ષ અમિત શાહને ટીકીટ આપવામાં આવી છે. ત્યારે આમ જનતામાં હર્ષની લાગણી જોવા મળી હતી. રાજનીતિ સાથે જોડાયેલા સુત્રોના મતે, ભાજપ અધ્યક્ષ અમિત શાહ ૨૮મી માર્ચના રોજ



● અનુસંધાન પાન-૭ પર

## ગાંધીનગર બેઠક પર હું જ અમીત શાહ સામે જંગ લડીશ : ડૉ. સી.જે. ચાવડા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર બેઠક માટે કોંગ્રેસ દ્વારા ઉમેદવાર બદલવાની ચાલતી વાતો માત્ર ને માત્ર અફવાઓ છે. હું જ ડૉ. સી.જે. ચાવડા અમીત શાહ સામે ચૂંટણી લડવાનો છુ. મને આ અંગે મારા પક્ષના નેતૃત્વએ આપેલ સંકેતોને ધ્યાને લઈ જનસંપર્ક અભિયાન પણ ચાલુ કરી દીધુ છે. જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યાલય ખાતે પત્રકારો સાથેની વાતચીતમાં ડૉ. ચાવડાએ જણાવ્યુ હતુ કે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ સલામત સીટ શોધી ગાંધીનગર આવ્યા છે તે જ બતાવે છે કે પ્રજામતનો ભય કોને છે. તેમણે જણાવ્યુ હતુ કે યુપીએ અમલમાં મુકેલ યોજનાઓના પૂર્ણ થયેલા કામોનું લોકાર્પણ ભાજપની કેન્દ્ર સરકારે કર્યુ છે બાકી પ્રધાનમંત્રી વિદેશ પ્રવાસની વ્યસતતામાંથી સમય જ ક્યાં કાઢી શક્યા છે. તેઓ પ્રચાર અભિયાનમાં વધુ વ્યસ્ત રહ્યા છે. વિદેશ પ્રવાસો પછી પણ પ્રજાકીય કામો કર્યા જ નથી.



ડૉ. ચાવડાએ જણાવ્યુ હતુ કે પ્રદેશ નેતાગીરીએ મને લડવા માટે તૈયાર રહેવા જણાવી દીધુ છે માત્ર ઔપચારિક ઘોષણા બાકી છે એટલે કોઈ શંકા રાખવાની જરૂર નથી. હું જ અમીત શાહ સામે જંગમાં ઉતરીશ. હું પક્ષનો સૈનિક છુ.

અમીત શાહે રાજકારણમાં પહેલાં આનંદીબેન પટેલનું પત્તુ કાપ્યુ હવે લાલકૃષ્ણ અડવાણીનુ પત્તુ કાપ્યુ છે એ વાત જગ જાહેર છે. લોકસભાનો જંગ એ બે પક્ષોની વિચારધારાનો જંગ છે અમે વિચારધારાને લઈ આગળ વધીશુ. કોંગ્રેસ પક્ષે જે કર્યુ છે તેની વાતો પ્રજાને કરીશુ.

# આરોગ્ય સેવાના સઘનીકરણ માટે તંત્રની સતર્કતા અને જનજાગૃતિ જરૂરી : રાવલ

**આરોગ્ય સંકલન સમિતિની બેઠકમાં સ્વાઈન ફલુ સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા થઈ**

ગાંધીનગર, તા.૨૨

જાહેર આરોગ્ય સેવાઓ માટે જનતાની જાગૃતિ અને તંત્રની સતર્કતા એ બંને આવશ્યક છે. તંત્રના અધિકારીઓ આ દિશામાં કામગીરી કરી આરોગ્ય સેવાઓનું સઘનીકરણ કરે તે સમયની માંગ છે તેમ જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર.આર. રાવલે આજે આરોગ્ય સંકલન સમિતિની બેઠકમાં જણાવ્યું હતું.

જિલ્લા આરોગ્ય સંકલન સમિતિની આજે કલેકટર કચેરી ખાતે મળેલ બેઠકમાં જિલ્લામાં વધતા જતા સ્વાઈન ફલુના કેસો અંગે ચિંતાની લાગણી વ્યકત કરાઈ હતી. તેમણે કહ્યું કે જિલ્લામાં મૃત્યુ થયું નથી તે સારી વાત છે પણ ડેથ ઓડિટ થોડીક ગંભીરતા સાથે થાય તે જરુરી છે.

તેમણે જિલ્લામાં રસીકરણના કાર્યક્રમોમાં છુટી જતા બાળકો માટે તંત્રની સતર્કતા પર

● અનુસંધાન પાન-૭ પર

**વાઇબ્રન્ટ વેળાએ બાકી રહેલા**

# ક-માર્ગના રીસરફેસીંગનુ કામ ટૂંક સમયમાં હાથ ધરાશે

**જુના સેકટરો આંતરિક અને બાકી રહેતા માર્ગોની કામગીરી આગામી ચોમાસા બાદ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૨

ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરના મુખ્યમાર્ગોનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે મુખ્યમાર્ગોના બ્યુટીફિકેશન સહીતની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો હતો જો કે હજુ નગરના ક અને ગ માર્ગની સુધારણા તેમજવાઈડનીંગનુ કામ બાકી છે. જયારે સેકટરોમાં આંતરિક માર્ગોની કામગીરી પણ હજુ સુધી થઈ શકી નથી. તંત્રના જણાંવ્યા મુજબ આગામી દિવસોમાં ક માર્ગના રીસરફેસીંગની કામગીરી હાથ ધરાશે.

● અનુસંધાન પાન-૭ પર



ચૂંટણીનો ઉમંગ - લોકસભાની ચૂંટણી બારણે ટકારો મારી રહી છે ત્યારે રંગોના પર્વોમાં કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ પણ જોડાયા હતા... એકમેકને રંગ છાંટી ઉમંગની અભિવ્યક્તિ કરી કોંગ્રેસે એકતાનો સંદેશ આપ્યો હતો... આગામી દિવસોમાં ચૂંટણીના રંગ વિવિધ પ્રકારે આકાર લેશે ત્યારે હોળી-ધૂળેટીના રંગો પણ મહત્વના બની રહેશે....

# ચિલોડા-સરખેજ માર્ગના પ્રોજેકટને સંદર્ભે વનતંત્રને ૩ કરોડનુ વળતર ચુકવાયુ

**વનતંત્રએ ૪ હજાર રોપાઓ રીટ્રાન્સપ્લાન્ટ કર્યા : ૩ હજાર જેટલા વૃક્ષોની કટોતી થઇ**

ગાંધીનગર તા ૨૨

ચિલોડા સરખેજ રૂટના માર્ગ નવિનીકરણના તોતિંગ પ્રોજેકટને અનુલક્ષી અત્યાર સુધી ૩ હજાર જેટલા વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. જયારે આ વૃક્ષોની કટોતી અન્વયે વિભાગ દ્વારા વનતંત્રને રૂ ૩ કરોડનુ વળતર પણ ચુકવી દેવાયુ છે. વનતંત્ર દ્વારા રૂટમાં આવતા ૪ હજાર જેટલા રોપાઓને રીટ્રાન્સપ્લાન્ટ પણ કરવામાં આવ્યા છે.

ચિલોડાથી સરખેજ સુધી જોડાયેલા માર્ગને યોગ્ય કરવા માટે માર્ગ નવિનીકરણનો તોતિંગ પ્રોજેકટ હાથ ધરાયો છે. જયારે આ પ્રોજેકટને અનુલક્ષી પ્રાથમિક કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. પ્રાથમિક તબક્કે આ પ્રોજેકટની કામગીરીને અનુલક્ષી પ્રકૃતિ પ્રેમીઓએ પ્રબળ વિરોધ પણ વ્યકત કર્યો હતો. જો કે આ રૂટમાં વૃક્ષોની કટોતી થતી હોવાથી પર્યાવરણ પ્રેમીઓના મોં પણ વંકાયા હતા. ચિલોડા સરખેજ રૂટ સાથે જોડાયેલા આ રૂટ પર છેલ્લા કેટલાક વર્ષોથી ટ્રાફિકનુ ભારણ ઘટી ગયુ હોવાથી રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. જયારે વાહનોની સંખ્યા વધવાની સાથે આ માર્ગને વર્ષોના અંતે પણ અપગ્રેડ ન કરાતા માર્ગ સલામતી સહીત ટ્રાફિકને લગતી પણ અનેક સમસ્યાઓ શિરદર્દનુ કારણ બની હતી. જો કે આ પ્રોજેકટની મંજુરીના અંતે વિભાગ દ્વારા સ્થળ પર કામગીરી શરૂ કરવા માટે પ્રથમ તબક્કામાં વૃક્ષોને દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં વનતંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

# ચિલોડા-સરખેજ માર્ગ પર બે નવા બ્રિજ બનશે

**અડાલજ કેનાલ અને સાબરમત્તી પાસે બે નવા બ્રિજ બનશે : ચિલોડા સરખેજ રૂટના પ્રોજેક્ટ અંતર્ગત વિભાગે સરકારને નવા બ્રિજના નિર્માણ માટે દરખાસ્ત કરી**

ગાંધીનગર તા ૨૨

ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષીને અડાલજ તેમજ સે-૩૦ પાસેના સાબરમત્તી બ્રિજને અનુલક્ષીને બે નવા બ્રિજ બનાવાશે. આ માટે અલગથી કેન્દ્ર સરકાર સમક્ષ મંજુરી અર્થે દરખાસ્ત કરવામાં આવી છે.

ચિલોડા સરખેજ માર્ગને અનુલક્ષી ભારત સરકાર દ્વારા તોતિંગ પ્રોજેકટને મંજુરી આપી દેવાયા બાદ હાલ આ પ્રોજેકટની કામગીરીને અનુલક્ષી નેશનલ હાઈવે વિભાગ દ્વારા સ્થળ પર જરૂરી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ રૂટમાં અંદાજિત ૭ જેટલા ઓવર બ્રિજનુ નિર્માણ કરવાનુ હોવાથી સ્થળ પર ટ્રાફિક ડાટયવર્ઝન માટે કામગીરી ચાલી રહી છે. આ રૂટમાં ઘ-૦, સરગાસણ, ઉવારસદ,ખોડીયાર બ્રિજ, તેમજ વૈષ્ણોદેવી પાસે ઓવર બ્રિજની કામગીરી આગામી દિવસોમાં હાથ ધરાશે. જયારે આ દરમિયાન બે નવા બ્રિજના નિર્માણ માટે પણ કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે. રૂટમાં આવતા અડાલજ નર્મદા કેનાલ પાસેના બ્રિજની પેટર્ન પર બાજુમાં અન્ય એક નવો બ્રિજ બનાવાનુ કામ પણ હાથ ધરાશે. અડાલજ પાસે સ્થિત કેનાલને અનુલક્ષી ૧૮ મીટરની પહોળાઈ અને ૬૫ મીટરની લંબાઈમાં બ્રિજ હયાત છે. પરંતુ આ પ્રોજેકટને ધ્યાને લઈ વધુ એક નવો આ મુજબનો બ્રિજ બનાવવા માટે પણ આયોજન કરાશે. જયારે સે-૩૦ સ્માશાનથી આગળના વિસ્તારમાં પણ નવો બ્રિજ બનાવાશે. સાબરમત્તી નદીને

● અનુસંધાન પાન-૭ પર

**શ્રી કાંઠા જિલ્લા મોદી સમાજ બેસણું**



અમારા પરમ પૂજ્ય શ્રી **બાબુલાલ માણેકલાલ મોદી** તા.૨૦-૩-૨૦૧૯ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા.૨૪-૩-૨૦૧૯ને રવિવારના રોજ બપારે ૧:૦૦ થી ૪:૦૦** કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી મોટેશ્વરી મોદી સમાજ ભવન, પેથાપુર-રાંધેજા રોડ, પેથાપુર, ગાંધીનગર**

**સ્વ. છોટાલાલ માણેકલાલ મોદી** — **રસીકલાલ માણેકલાલ મોદી**
**રજનીકાન્ત બાબુલાલ મોદી** — **પ્રકાશચંદ્ર બાબુલાલ મોદી**
**પ્રણય રજનીકાન્ત મોદી** — અંગત સચિવ અને અધિક કલેકટર, માન. મંત્રીશ્રી, કૃષિ, ગ્રા.વિ.અને વાહનવ્યવહાર
**હર્ષિલ પ્રકાશચંદ્ર મોદી**
**(માણેકલાલ કચરાલાલ મોદી પરિવાર, પેથાપુર)**

**અમારા બનેવીશ્રી નું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે**
**સ્વ. ચંદુલાલ કોદરલાલ મોદી** — **નટવરલાલ કોદરલાલ મોદી**
**રમણલાલ કોદરલાલ મોદી** — **સ્વ. દશરથલાલ કોદરલાલ મોદી**
**(કોદરલાલ ગણેશરામ મોદી પરિવાર, ઇલોલ)**

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com